# વર્ષ ૨૦૨૦માં એપ્લાય થઈ શકે તેવા અમદાવાદની વિવિધ કોલેજનાં સ્ટુડન્ટ્સના બેસ્ટ ઇનોવેશન્સ

## ઇનોવેશન્સ -૧

આજનાં યંગસ્ટર્સ ડિજિટલ પ્લેટફોર્મને વધારે પસંદ કરી રહ્યાં છે. હવે તેઓ અલગ અલગ જગ્યાએ ફરવાને બદલે આંગળીનાં ટેરવે દુનિયાભરની માહિતી અને મદદ મેળવી રહ્યાં છે. તેથી અમદાવાદનાં એમબીએ સ્ટુડન્ટે ડિજિટલ પ્લેટફોર્મ પર બિઝનેસ કરતાં વ્યક્તિને મદદ કરવા માટે અનોખો કોન્સેપ્ટ રજૂ કર્યો છે. જો તમે કોઇ કંપનીનું નામ શું રાખવું એ વિચારતા હોવ, તમારે કોઇ વેબસાઇટનું ડોમિનનેમ શું રાખવું તે પ્રશ્ન હોય, તમારે કોઇ પ્રોડક્ટ લોન્ચ કરવી હોય તો તેનું નામ શું રાખવું તે દુવિધા હોય અથવા તો નામ માટે કોઇ પણ પ્રકારનાં સજેશન જોઇતા હોય અને તમારા બિઝનેસનો પ્રકાર, તમારો ટાર્ગેટ બાયર, તમારા એરિયા વગેરેને ધ્યાનમાં રાખીને પ્રોફેશનલી તમને નામ સજેસ્ટ કરશે તેવો પ્રોજેક્ટ બનાવ્યો છે. જેનું નામ છે www.foiba.com . આની પાછળનો કન્સેપ્ટ એવો છે કે જેમાં ગુજરાતી ઘરોમાં નવજાત શિશુંનું નામ ફોઇબા રાખે છે, તેવી જ રીતે અહીં ફોઇબા નામની વેબસાઇટ તમને તમારા કંપની, સાઇટ કે પ્રોડક્ટ માટે નામ સજેસ્ટ કરશે. વર્ષ ૨૦૨૦માં આ પ્રકારનાં કોન્સેપ્ટ સિટી યંગસ્ટર્સ આવકારી રહ્યાં છે.

## charge+zone





અમદાવાદનાં નારણપુરા ખાતે એક એનોખું ઇનોવેશન બનાવવામાં આવ્યું જેને સરકાર દ્વારા પણ માન્યતા મળી. જ્યારે સરકાર ઇલેક્ટ્રિક વ્હિકલને પ્રોત્સાહન આપી રહી છે ત્યારે અમદાવાદની એન્જિનિયરિંગ કોલેજનાં સ્ટુડન્ટ્સે ઇલેક્ટ્રિક વ્હિકલ માટેનાં ચાર્જર સ્ટેશન બનાવ્યા. આ સ્ટેશનથી ઇલેક્ટ્રિક બસ અને ત્યારબાદ ઇ લેક્ટ્રિક ટુ વ્હિલર પણ ચાર્જ કરી શકાશે. તેમાં વ્હિકલ ચાર્જ કરવાનો ચાર્જ પર યુનિટ રહેશે. વર્ષ ૨૦૨૦માં આ પ્રકારનાં ઇનોવેશનને આવકારવામાં આવશે અને લોકો ઇ લેક્ટ્રિક વ્હિકલ તરફ વળશે.

## NeerX

આ એક એવું ઇનોવેશન છે જેનાં કારણે તમે કઇ જમીનનો શેના માટે ઉપયોગ કરી શકો છો તે જાણી શકાય છે. આ ઇનોવેશનને સોઇલ સેન્સર રિમોટ કહે છે. તે ખાસ કરીને ગાર્ડનિંગ કરતાં લોકો અને ખેતી કરતાં લોકો માટે વધુ ઉપયોગી નીવડશે. આ મશીનને જમીનમાં રાખીને તમે તે જમીનની ફળદ્રુપતા, મોઇશ્ચર, તેમાં સીડ્સ






કેવા નાખવા, કયો પાક લઇ શકાય વગેરે ઇન્ફોર્મેશન જાણી શકાશે. ગાર્ડન અને એગ્રિકલ્ચર ક્ષેત્રનાં નવા સ્ટાર્ટ અપ્સ માટે આ ઇનોવેશન આશીર્વાદ સમાન છે. આ ઇનોવેશનને ઇસરોએ પણ વેરિફાય કર્યું છે અને તે લોકો પોતે પણ તેનો વપરાશ કરી રહ્યાં છે. અમદાવાદની સાથે સાણંદ અને નડિયાદ સુધી આ મશીનનો હાલ ઉપયોગ થઇ રહ્યો છે. વર્ષ ૨૦૨૦માં સિટી યંગસ્ટર્સ દ્વારા બનાવવામાં આવેલ આ પ્રકારનાં ઇનોવેશનને પણ પ્રાધ્યાન્ય પ્રાપ્ત થશે.

## ઢાળની પોળ પ્રોજેક્ટ



અમદાવાદની જૂની પોળોને તેનાં ઢાંચામાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર ઇનોવેટિવ બનાવવા માટે જીટીયુ, સેપ્ટ જેવી સંસ્થાનાં વિદ્યાર્થીઓને બૃહતી ફાઉન્ડેશનવાળાએ પ્રોજેક્ટ આપ્યા હતા. જેમાં અમદાવાદમાં સ્ટુડન્ટ્સે ઢાળની પોળમાં ખોદકામ ન કર્યા વગર વર્ટિકલ ગાર્ડન્સ બનાવ્યા, કોન્સેપ્ટ ડિઝાઇન દ્વારા કલરકામ કર્યું ઉપરાંત પોળની બહાર ચાની કીટલીવાળા માટે પણ ઇનોવેશન બનાવ્યા અને ખૂબ ઓછા ખર્ચામાં એવી પ્રોડક્ટ ડિઝાઇન કરી જેને કારણે ચાની કીટલી પર વેસ્ટ થતું પાણી રિસાઇકલ થઇને સીધું આસપાસનાં પ્લાન્ટ્સમાં જાય. વર્ષ ૨૦૨૦માં આ પ્રકારનાં ઇનોવેટિવ આઇડિયાઝ પર સિટીયંગસ્ટર કામ કરવા ઇચ્છે છે.